તાત્કાલિક

ક્રમાંક:પવશ-૧૦૨૦૦૯-૩૨૩૮-ગ
શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૯-૯-૨૦૦૯

પ્રતિ,

સભ્ય સચિવશ્રી,

એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ,

એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ કંમ્પાઉન્ડ,

નવરંગપુરા, અમદાવાદ

વિષય: પ્રવેશ-પ્રક્રિયા પુરી થયા બાદ ખાલી રહેલ બેઠકોમાં પ્રવેશ આપવાની મંજૂરી આપવા બાબત

સંદર્ભ:-(૧) એ.સી.પી.સી. અમદાવાદના તા.૫-૯-૨૦૦૯ નો પત્ર.

(૨)એ.સી.પી.સી. અમદાવાદના તા.૭-૯-૨૦૦૯ ના પત્ર નં.એસીપીસી/૨૦૦૯-૧૦/૫૯૦.

(૩)એ.સી.પી.સી. અમદાવાદના તા.૮-૯-૨૦૦૯ના પત્ર નં. એસીપીસી/ ૨૦૦૯/૫૯૭

શ્રીમાન,

ઉપરોકત વિષય અંગેના આપના સંદર્ભમાં જણાવેલ પત્રોના અનુસંધાને જણાવવાનુ કે, રાજ્ય સરકારે બહાર પાડેલ અનુક્રમે (૧) વ્યાવસાયિક ડિપ્લોમા અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટેના નિયમો (૨) ઇજનેરી અને ફાર્મસી અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ અંગેના નિયમો અને(૩) ડિપ્લોમા ફાર્મસીના બીજા વર્ષમાં ડીગ્રી ફાર્મસીમાં પ્રવેશ મેળવવા માટેના પ્રવેશ-નિયમોના સબંધિત નિયમ હેઠળ પ્રવેશ-પ્રક્રિયા પુરી થયા બાદ ખાલી રહેતી બેઠકો ભરવાની જોગવાઇ કરેલ છે જેથી આપના ઉપર્યુકત પત્રોમાં જણાવ્યા મુજબ માંગણી ગ્રાહય રાખવામાં આવે છે. વધુમાં સરકારી અને ગ્રાંટ-ઇન-એઇડ કોલેજોમાં રહેતી જગ્યાઓમાં પણ ઉપર મુજબની કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(લલિત વ્યાસ)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:

(૧) નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(૨) સભ્ય સચિવશ્રી, એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્ષિસ, આંબાવાડી, અમદાવાદ.